# અર્બન બેંકમાં વિકાસ પેનલનો જયજયકાર



## કાળીદાસ પટેલે મત મેળવવામાં વિક્રમ સર્જ્યો

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર અર્બન બેંકની ગઈકાલે યોજાયેલી ચૂંટણીમાં બેંકના પૂર્વ ચેરમેન કાળીદાસ પટેલે માન્ય ૨૨૯૯ મતોમાંથી ૨૨૧૫ મત એટલે કે થયેલ મતદાનના ૯૬.૩૪ ટકા મત મેળવી શહેરની આજ સુધીની તમામ ચૂંટણીઓનો વિક્રમ તોડ્યો છે.

ગાંધીનગર શહેરમાં નાની મોટી સહકારી સંસ્થાઓની યોજાતી ચૂંટણીઓમાં કુલ મતદાનના ૮૨ ટકા મતો મેળવવાનો વિક્રમ હતો. પરંતુ કાળીદાસ પટેલે ૫૬.૩૪ ટકા મત મેળવી નવો વિક્રમ સરજ્યોં છે.

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરની જાણીતી સહકારી બેંક અર્બન બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણીમાં વિકાસ પેનલનો જવલંત વિજય થયો છે. મધ્યરાત્રી બાદ જાહેર થયેલા પરિણામોમાં સર્વશ્રી કાળીદાસ વી. પટેલ, અશોકભાઈ શ્રોફ, ચંદુભાઈ પટેલ, ડી.ટી. પટેલ, નટુભાઈ આર. પટેલ, પ્રકાશભાઈ પટેલ (કોર્પોરેટર), પરષોત્તમ પટેલ, પ્રહલાદભાઈ ઈશ્વરભાઈ પટેલ, બીપીનભાઈ પટેલ અને પ્રહલાદભાઈ શંકરભાઈ પટેલનો ભારે સરસાઈથી ભવ્ય વિજય થયો હતો.

ગઈકાલે યોજાયેલ મતદાનમાં કુલ ૪૪૭૦ મતદારોમાંથી ૨૪૭૯ મતદારોએ મતદાન કર્યું હતું. જેમાં ૧૮૧ મતપત્રકો રદ થયા હતા. આમ કુલ ૨૨૯૯ મતો માન્ય રખાયા હતા. જેમાં કાળીદાસ પટેલે ૨૨૧૫ મત મેળવી વિક્રમી સરસાઈ પ્રાપ્ત કરી હતી. બીજા નંબરે અશોકભાઈ શ્રોફ અને ત્રીજા નંબરે પ્રકાશભાઈ પટેલ રહ્યા હતા. બીન અનામત જગ્યાઓ માટે જંગમાં રહેલા ૧૫ ઉમેદવારો પૈકી ગીરીશચંદ્ર જાટકીયાએ વિકાસ પેનલને સમર્થન જાહેર કર્યુ હતુ. જ્યારે પરિવર્તન પેનલના ચારેય ઉમેદવારોનો પરાજય થયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે મહિલા વિભાગની બે જગ્યાઓ માટે બે મહિલાઓ બીનહરિફ જાહેર કરાયા હતા. જેમાં ઈન્દિરાબેન રમેશચંદ્ર પટેલ અને ભાવનાબેન બિપીનભાઈ પટેલનો સમાવેશ થાય છે. જ્યારે અનુસૂચિત જાતી-જનજાતિ વિભાગમાં એક પણ ઉમેદવારનું ઉમેદવારીપત્રક ન ભરાતા આ જગ્યા ખાલી રહે છે. આમ બેંકના ૧૨ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ એકાદ દિવસમાં કાર્યભાર સંભાળી લેશે.

અર્બન કો-ઓપ. બેંકના ઈતિહાસમાં પ્રથમ વખત યોજાયેલી બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણીથી ભારે ઉત્તેજના સર્જાઈ હતી. જોકે બોર્ડ ઓફ ડિરેક્ટર્સના વર્તમાન ઉમેદવારો બધા જ વિજયી થશે એવી ચર્ચા નગરના સહકારી ક્ષેત્રમાં ચાલતી હતી. સમાધાન માટેના પ્રયત્નો પણ સહકારી આગેવાનો દ્વારા ભરપૂર પ્રમાણમાં કરાયા હતા. આમ છતાં અનિવાર્ય રીતે મતદાન યોજાતા મૈત્રિપૂર્ણ મુકાબલો રહ્યો હતો.

### કોને કેટલા મત

| | |
|---|---|
| કાળીદાસ વી. પટેલ | ૨૨૧૫ |
| અશોકભાઈ સી. પટેલ | ૨૧૫૭ |
| પ્રકાશભાઈ આર. પટેલ | ૨૦૯૫ |
| ડાહ્યાભાઈ ટી. પટેલ | ૨૦૬૪ |
| ચંદુભાઈ પટેલ | ૨૦૪૫ |
| પરષોત્તમભાઈ પટેલ | ૨૦૨૭ |
| બીપીનભાઈ પટેલ | ૧૮૯૧ |
| નટુભાઈ આર. પટેલ | ૧૮૭૫ |
| પ્રહલાદભાઈ એસ. પટેલ | ૧૮૩૬ |
| પ્રહલાદભાઈ આઈ. પટેલ | ૧૭૮૮ |

# કાર્મેલ સ્કૂલમાં સમયના મામલે લડત ઉગ્ર

**વાલીઓ દ્વારા આવેદનપત્ર અપાયું : ધો-૧ થી ૪ના વિદ્યાર્થીઓ માટે બપોરનો સમય કરાતા વાલીઓ આગ બબૂલા : વાલીઓને વિશ્વાસમાં લઈ સર્વસ્વીકૃત નિર્ણય લેવા ડી.ઈ.ઓ.ની સૂચના**

ગાંધીનગર, તા.૩૦

સે-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ શાળામાં ધો-૧ થી૪ના વિદ્યાર્થીઓ માટે સ્કૂલનો સમય બદલવાના મામલે વિવાદ વધુ ઉગ્ર બન્યો છે. ધો-૧ થી ૪ના વિદ્યાર્થીઓ માટે સવારના બદલે બપોરનો સમય કરી દેવાયા બાદ વાલીઓમાં પણ રોષ ભભૂકયો છે. વાલીઓએ આજે આ અંગે જિલ્લા કલેકટર તેમજ શિક્ષણાધિકારીને ઉગ્ર રજૂઆત કરી આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. આ અન્વયે જિલ્લા શિક્ષણાધિકારી કક્ષોથી પણ વાલીઓને વિશ્વાસમાં લઈ સર્વસ્વીકૃત હોય તે મુજબ નિર્ણય લેવા કાર્મેલ સ્કૂલના સંચાલકને સૂચના આપી દેવાઈ છે.



સે-૨૧ સ્થિત કાર્મેલ સ્કૂલમાં ઉઘડતા શૈક્ષણિક સત્રથી ધો-૧ થી ૪ના વર્ગો માટે શાળાનો સમય બદલવાના મામલે વિવાદનો મધપૂડો છંછેડાયો છે. આખરે રોષે ભરાયેલા વાલીઓએ આ અંગે લડત ઉગ્ર બનાવી આજે જિલ્લા કલેકટર તેમજ ડીઈઓને રજૂઆત કરી હતી. આ દરમિયાન વાલીઓ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી આવેદનપત્ર પણ સુપ્રત કરવામાં આવ્યું હતું. જેમાં જણાવ્યા મુજબ વેકેશન ખુલતાની સાથે જ શાળા કક્ષાએથી ધો-૧ થી ૪ના વિદ્યાર્થીઓ માટે શાળાનો સમય સવારે ૮ થી ૧૨ના બદલે ૧૧.૪૫ થી ૫.૦૦ વાગ્યાનો કરી દેવાયો છે. વાલીઓને જાણ કર્યા વગર મનસ્વી રીતે શાળાનો સમય બદલી વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે મુશ્કેલી ઉભી કરી છે. જયારે આ મામલે અનેકવાર સ્કુલ સંચાલકોને રજૂઆત કરવા છતાં ધ્યાન આપવામાં આવતું નથી. જયારે શાળા સંચાલક તેમજ સિસ્ટરો દ્વારા વાલીઓની સાથે ધમકીભરી ભાષાનો ઉપયોગ કરવામાં આવે છે. માઉન્ટ કાર્મેલ શાળામાં ધો-૧ થી ૪માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓએ આજે આ મામલે જિલ્લા કલેકટર તેમજ ડી.ઈ.ઓ.ને શાળાનો સમય સવારનો કરવાની માંગ સાથે આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. આ તબક્કે જિલ્લા શિક્ષણાધિકારી બારડે વાલીઓની રજૂઆતને સાંભળી કાર્મેલના સ્કુલ સંચાલકને વાલીઓને વિશ્વાસમાં લઈ સર્વસ્વીકૃત હોય તે મુજબ આગળની કાર્યવાહી હાથ ધરવા પણ સૂચના આપી છે.

# જીપીએસસીના ફોર્મ ભરવા છેલ્લી ઘડીએ ભારે ધસારો

**સર્વર ડાઉન થતા તેમજ પોસ્ટ ઓફિસમાં ચલણ ફી ન ભરી શકનાર ઉમેદવારોમાં નિરાશા**

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે ચાલુ વર્ષે યોજાનાર વર્ગ-૧-૨ ની કુલ ૩૫૨ જગ્યા માટેના ફોર્મ ભરવાના છેલ્લા દિવસ સુધીમાં અંદાજે સમગ્ર રાજ્યમાંથી ૯ લાખથી વધુ ઉમેદવારી ફોર્મ ભરાયા છે. ફોર્મ ભરવાની છેલ્લી ઘડીએ ફોર્મ ભરવામાં અને ચલણીની ફી ભરવામાં ઉમેદવારોનો ભારે ઘસારો જોવા મળ્યો હતો. પરંતુ આજે ફોર્મ ભરવાની છેલ્લી તારીખે સવારથી જ સર્વર ડાઉન થઈ જતા અનેક ઉમેદવારો ફોર્મ ભરવાથી વંચિત રહ્યા હતા.

મળતી માહિતી મુજબ રાજ્ય સરકાર દ્વારા ૮ વર્ષના લાંબા સમયગાળા બાદ ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે વર્ગ-૧ અને વર્ગ-૨ માટેની પોષ્ટ માટે જાહેરાત બહાર પાડી સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. ગત-૧૦ જૂનથી ૩૦ જૂન સુધી ઉમેદવારી ફોર્મની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેમાં ઉમેદવારી ફોર્મ ભરાવાતા છેલ્લા દિવસે ઉમેદવારોનો ભારે ધસારો જોવા મળ્યો હતો. પરિણામે આજે છેલ્લા દિવસે વહેલી સવારથી સર્વર ડાઉન થઈ જતા ઘણા ઉમેદવારો મુશ્કેલીમાં મુકાયા હતા. બીજી તરફ છેલ્લા દિવસે પોસ્ટ ઓફિસમાં પણ ચલણ ફી ભરવા માટે ઉમેદવારોની લાંબી કતારો જોવા મળી હતી. જ્યારે છેલ્લા દિવસે ૫.૦૦ વાગ્યા સુધીમાં ચલણ સ્વીકારવામાં આવ્યા. જેથી ઘણા ઉમેદવારોના

● અનુસંધાન પાન-૭ પર

### ઉમેદવારોનો અંતિમ દિવસે ભારે ઘસારો

સરકાર દ્વારા વર્ગ-૧ અને ૨ ની જગ્યાઓ માટે ઉમેદવારી કરવાનો આજે અંતિમ દિવસ હતો. શહેરના યુવાનો અરજી પ્રક્રિયાને લઈને નાખુશ થયાછે. આજે રાત્રે ૧૧.૫૯ મિનિટે ઉમેદવારી કરનાર પોતાની ફીનું ચલણ ભરવા ક્યારે જશે. તેને લઈને ઉગ્ર વિરોધ નોંધાયો છે. એવી માંગણી કરી છે કે સરકાર દ્વારા ઓનલાઈન સિસ્ટમ બંધ થાય તેના બીજા દિવસે ચલણ ભરવાની પ્રક્રિયા ચાલુ રાખવી જોઈએ. નહિ તો પોસ્ટ, હોય કે બેન્ક તેનો નિયત સમયે બંધ થઈ જતી હોય છે. ત્યારે સાંજે ૬.૦૦ વાગ્યા પછી ઉમેદવારી નોંધાવનાર પરીક્ષાથી વંચિત રહી જાય છે.

# નિકાલ હેઠળના મકાનોના સ્થાને ટાવર બનાવવાની યોજના વિસરાઈ

**નિકાલ હેઠળના મકાનો તોડી પાડવાની દરખાસ્ત પેન્ડીંગ**

ગાંધીનગર, તા.૩૦

શહેરમાં કંગાળ ભાસતા સરકારી આવાસોના મજબૂતીકરણના કામમાં ગતિ આવતી નથી. બીજી તરફ નિકાલ હેઠળના મકાનો તોડી પાડવાની દરખાસ્ત પણ પેન્ડીંગ છે ત્યારે નિકાલ હેઠળના જોખમી મકાનોના સ્થાને ટાવર ઉભા કરવાની યોજના પણ વિસરાઈ ગઈ છે.

શહેરમાં સ્થિત સરકારી આવાસોની હાલત દિનપ્રતિદિન કંગાળ બનતી જાય છે આવાસ મજબૂતીકરણની યોજના અન્વયે પણ કામગીરીમાં ગુણવત્તા ન જળવાતી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે જયારે વરસાદી દિવસોમાં વધતી સંભવિત લીકેજીસની સમસ્યાને લઈને પણ વસાહતીઓમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. આવા સંજોગોમાં શહેરમાં અત્યંત ભયજનક હાલતમાં અસ્તિત્વ ધરાવતા જોખમી સરકારી આવાસો પણ તંત્રના અધિકારીઓ માટે શિરદર્દ સમાન બન્યા છે. નિકાલ હેઠળના મકાનો તોડવાના મામલે પણ મંદ ગતિએ નિર્ણય લેવાતા આ આવાસો ગમે ત્યારે વધુ જોખમી પુરવાર થાય તેવી દહેશત છે. સે-૭ અને ૧૩માં અત્યાર સુધી નિકાલ હેઠળના અને જોખમી બ્લોક તોડવાના બે કામને મંજુરી આપવામાં આવી છે પરંતુ તબક્કાવાર અન્ય જોખમી મકાનો તોડી પાડવાની દરખાસ્ત વિભાગ કક્ષાએ પેન્ડીંગ છે. બીજી તરફ નિકાલ હેઠળના મકાનો તોડીને નવા ટાવર ઉભી કરવાની યોજના સંદર્ભે પણ વિભાગ દ્વારા કોઈ ગતિવિધિ હાથ ધરવામાં આવી નથી. નિકાલ હેઠળના મકાનો તોડીને રહેણાંક માટે તોતિંગ ટાવર ઉભા કરવાની યોજના અભેરાઈએ ચઢાવી દેવાઈ છે.



સંસ્કૃત ગરબા - ગાંધીનગર ટાઉનહોલમાં સંસ્કોત્સવ નિમિત્તે નગરની જાણીતી કલા સંસ્થા 'પનઘટ' ના કલાકારોએ ભાવીન પટેલના નૃત્ય નિર્દેશન દ્વારા સંસ્કૃતમાં પરંપરાગત ગરબો રજૂ કર્યો હતો. ગાંધીનગરની યુવતીઓની સુંદર અભિવ્યક્તિથી પ્રેક્ષકો મંત્રમુગ્ધ બન્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

# ધો. ૧૧માં સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરના વિદ્યાર્થીઓ ઝળક્યા

ગાંધીનગર, તા. ૩૦

ધો. ૧૧ વિજ્ઞાનપ્રવાહની પરીક્ષાનું ગત શનિવારે પરિણામ જાહેર થયું હતું. જેમાં જિલ્લામાંથી ચાર વિદ્યાર્થીઓએ એ-વન ગ્રેડમાં સ્થાન મેળવ્યું છે. જ્યારે આ પૈકી બે વિદ્યાર્થીઓ સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરના છે. સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરના ઋત્વિક ચંપકભાઈ પટેલ તેમજ જેનીશ કલ્પેશભાઈ પટેલે એ-વન ગ્રેડમાં સ્થાન પ્રાપ્ત કરી શાળાનું નામ રોશન કર્યું છે. સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર્સ પણ આ બન્ને તેજસ્વી વિદ્યાર્થીઓને બિરદાવ્યા છે. એ-વન ગ્રેડમાં ઝળકેલા આ તેજસ્વીઓએ પોતાના પરિણામનો શ્રેય શાળાના વિવિધ ફેકલ્ટીઝને આપ્યો છે. તેમના મતે શાળાના શિક્ષકોની યોગ્ય શિક્ષણ પદ્ધતિ અને મહેનતના લીધે સફળતા પ્રાપ્ત થઈ છે. એ-વન ગ્રેડમાં ઝળકેલા આ ટોપર્સને ડૉક્ટર બનવાની ખેવના છે.



# ભાજપ વિધાયક દળની મળેલી બેઠકમાં વળતી વ્યુહરચના ઘડાઈ

ગાંધીનગર, તા.૩૦

ભાજપ વિધાયક દળની આજે સાંજે મળેલી બેઠકમાં અંદાજપત્ર સત્રમાં વિપક્ષની વ્યુહરચનાને ખાળવા માટે ભાજપ દ્વારા વળતી વ્યુહરચના ઘડી કાઢવામાં આવી હોવાનું જાણવા મળે છે.

વિધાનસભા અંદાજપત્ર સત્રનો આવતીકાલથી પ્રારંભ થઈ રહ્યો છે તે પૂર્વે આજે સાંજે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની અધ્યક્ષતામાં ભાજપ વિધાયક દળની બેઠક મળી હતી. આ બેઠકમાં તમામ ધારાસભ્યોને પ્રશ્નોત્તરી દરમિયાન સરકાર મુશ્કેલીમાં ન મુકાય તે રીતે પ્રશ્નો પૂછવા તેમજ ચર્ચામાં ભાગ લેવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો અંદાજપત્રની ચર્ચામાં તેમજ વિભાગોની માંગણીઓની ચર્ચામાં ભાગ લઈને રાજય સરકારની કામગીરી અને મેળવલ સિધ્ધિઓને ઉજાગર કરવા માટે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ વિભાગો દ્વારા રાજય સરકારે કરેલી કામગીરીની વિગતો સાથેના તૈયાર કરેલા સાહિત્યનો અભ્યાસ કરવા પણ ધારાસભ્યોને માર્ગદર્શન આપવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

## ટેન્ડર

**જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી, આંખ વિભાગ, જનરલ હોસ્પિટલ, ગાંધીનગર, વર્ષ ૨૦૧૪-૧૫ માટે**

૧. વિદ્યાર્થીઓના તથા મોતીયાના દર્દીઓના નંબરના / કાળા ચશ્માના ભાવ ગાંધીનગર શહેરમાં દુકાન ધરાવનાર પાસેથી માંગવામાં આવે છે. ફ્રેમના નમુના જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી, જનરલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે ઓપીડી સમય દરમિયાન જોવા મળશે.

૨. આંખને લગતી સ્ટાન્ડર્ડ દવાઓ તથા સાધનો માટે, રસ ધરાવતી, સ્ટાન્ડર્ડ દવાઓના વિક્રેતા તથા ઑપ્થેલ્મીક સર્જીકલ ઈન્સ્ટ્રુમેન્ટ તથા અન્ય નિદાન સંબંધિત સાધનો બનાવતી પ્રમાણિત કંપનીઓ પાસેથી ભાવ મંગાવવામાં આવે છે. ટેન્ડરની શરતો તથા ભાવપત્રકનો નિયત નમુનો સવારના ૯ થી ૧૨ દરમિયાન રૂમ નં.૧૯, આંખ વિભાગ, જનરલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતેથી રજાના દિવસ સિવાય, તારીખ ૧૪/૭/૨૦૧૪ બપોરના ૧૨ કલાક સુધી મળી શકશે. ભરેલા ફોર્મ સ્વિકારવાની છેલ્લી તારીખ ૧૫/૭/૨૦૧૪, બપોરના ૧૨ કલાક સુધી રહેશે.

સહી/-
પ્રોગ્રામ ઓફીસર
જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી,
જનરલ હોસ્પિટલ, ગાંધીનગર

## PSLV- C 23ના સફળ પ્રક્ષેપણ માટે અંતરિક્ષ વૈજ્ઞાનિકોને મુખ્યમંત્રીશ્રીના અભિનંદન

ગાંધીનગર, તા.૩૦

મુખ્યમંત્રીશ્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ભારતીય અંતરિક્ષ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકોને ભ્લ્ન્સ- ૬ ૨૩ના સફળ પ્રક્ષેપણ માટે હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

શ્રીમતી આનંદીબહેન પટેલે ભારતીય અંતરિક્ષ વૈજ્ઞાનિકોની આ સફળતાને વિશ્વના અંતરીક્ષ વિજ્ઞાન ક્ષેત્રે ભારતની ગૌરવ ઘટનારૂપ ગણાવી છે.

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com